
(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં આઠ ઓવરલોડ ટ્રક ઝડપાઈ

ખેડબ્રહ્મા ખાતે હિંમતનગર આર.ટી.ઓ. દ્વારા ગત રોજ સાંજે દરોડો પાડી શહેરમાંથી ૮ ઓવરલોડ ટ્રક ઝડપી લેવામાં આવી હતી. ખેડબ્રહ્મા તાલુકામાંથી ગેરકાયદેસર રેતીનું ખનન મોટા પાયે થઈ રહ્યું છે. જેને લઈ મોટા પાયે નદીમાંથી રેતી ભરી ઓવરલોડ ટ્રકો બેફામ દોડતી હોવાની બાતમી હિંમતનગર આર.ટી.ઓ. ઈન્સપેકટર જે.પી. મોદીને મળતા તાત્કાલિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ઓવરલોડ ટ્રક નં. જીજે-૯-ઝેડ ૪૭૫૪, જીજે-૯-એવી ૮૫૯૧, જીજે-૯-એવી ૯૨૮૬, જીજે-૯-એવી ૭૦૦૭, જીજે-૯-એવી ૮૭૭૭, જીજે-૯-ઝેડ-૩૮૯૧, જીજે-૯ એક્સ ૮૦૪૧, જીજે-૯-એવી ૭૨૭૬ રેતી ભરી જતી હતી ત્યારે પકડી પાડવામાં આવી હતી. જેની સામે આર.ટી.ઓ. દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# તલોદમાં વરસાદ : ગટર યોજનાના અધૂરા કામથી મુશ્કેલીઓ સર્જાઈ

તલોદ, તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા પંથકમાં પણ આજે બપોર બાદથી મોસમે કરવટ બદલતાં વરસાદી ઝાપટાં પડયા હતાં. અસહ્ય ગરમી અને બાફવાળા વાતાવરણમાંથી લોકોએ આંશિક રાહત અનુભવી હતી.


તલોદ બજારમાં ચાલતા ગટર યોજનાના કામકાજમાં આડેધડ થતા ખોદકામ અને ખાડામાં યોગ્ય પુરાણ નહિ કરવામાં આવતું હોવાથી ભારે હાલાકી થવા પામી છે. રોડ માર્ગના એક ભાગમાં નિર્માણ કાર્યને કારણે અને તેની આસપાસના રસ્તા ભારે જોખમી ખાડા ખડીયા વાળા હોવાને કારણે રાહદારીઓ અને વાહન ચાલકો ભારે હાલાકીનો ભોગ બન્યા છે. ઠેર ઠેર પડેલા ખાડામાં વરસાદી પાણીનો ભરાવો થતાં અને ગટર યોજનાના હજુ પણ ચાલુ ખોદકામને કારણે નગરની ભારે અવદશા બેઠી હોય તેવી સ્થિતિ પેદા થઈ છે. નગર વિસ્તાર માટે આ ચોમાસુ ભારે દોઝખ પુરવાર થશે તેમ લાગી રહ્યુ છે. પાણીનો નિકાલની વ્યવસ્થા, ગટર લાઈનનું કામ અને રોડ માર્ગનું પણ કામ આવી સિઝનમાંય ન અટકાવવામાં આવતા પ્રજા ભારે ત્રાહિમામ પોકારી રહી છે. 'વિઝન વિના આ સિઝન' નગરજનો અને બહારથી આવતા જતા વાહન ચાલકો તેમજ મુસાફરો માટે ભારે યાતનારૂપ બનશે તે નિર્વિવાદ વાત છે.

બજારની મધ્યમાં આવેલ કેનાલની પણ પ્રિમોન્સુન પ્લાનમાં પુરી સફાઈ નહિ કરવામાં આવી હોવાથી ઠેર ઠેર ખુલ્લી જણાતી આ કેનાલમાં ગંદુ પાણી અને રોજ ઠલવાતો કચરો આગામી દિવસોમાં રોગચાળો ફેલાવશે તેવી દહેશત પેદા થઈ છે. આમેય નગરમાં પાણી જન્ય રોગચાળાએ માથુ ઉંચકયું છે છતાંય જવાબદાર તંત્ર સ્થિતિ વધુ વણસે તેની રાહ જોતું હોય તેમ ભાસી રહ્યું છે.

# સ્વર્ણિમ પાર્કની બન્ને તરફના માર્ગો પર વૃક્ષારોપણનું કામ પૂરજોશમાં

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં મેઘરાજાની સવારી આવી પહોંચતા સર્વત્ર ખુશાલીની લહેર પ્રસરી જવા પામી છે. ચોમાસાની પ્રારંભનો સમય વૃક્ષારોપણ માટે શ્રેષ્ઠ હોવાથી વિધાનસભાથી માંડીને મહાત્મા મંદિર સુધીના બન્ને માર્ગો પર અત્યારે રોપા વાવવાનું કામ જોશભેર ચાલી રહ્યું છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

સેન્ટ્રલ વિસ્ટામાં ડેવલપ કરાયેલા સ્વર્ણિમ પાર્ક ઉપરાંત વિધાનસભાથી મહાત્મા મંદિર સુધીના બન્ને માર્ગોના બ્યુટીફિકેશન ઉપર પણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. માર્ગ અને મકાન વિભાગના ઉપવન અને બગીચા ખાતા દ્વારા સ્વર્ણિમ પાર્કની આજુબાજુના બન્ને માર્ગો પર કુલ ૭૫૦ વૃક્ષોનું વાવેતર કાર્ય પુરજોશમાં હાથ ધરાયું છે. તા. ૨૨મી જૂનથી આરંભાયેલા આ કાર્યમાં લાલ ચંપો, સફેદ ચંપો, બોરસલ્લી, પીપળો અને કાજલિયા જેવા વૃક્ષોના રોપાઓનું વાવેતર કરાઈ રહ્યું છે.

# ડીસા દક્ષિણ પોલીસ મથકનું ગૃહમંત્રી રજનીભાઈ પટેલના હસ્તે લોકાર્પણ

### ડીસા ખાતે રાજ્ય સરકારે અંદાજીત ૮૦ લાખના ખર્ચે અત્યાધુનિક દક્ષિણ પોલીસ મથક બનાવેલ છે

ડીસા, તા. ૨૫

બનાસકાંઠાના વહેપારી મથક ડીસામાં જર્જરિત બનેલ દક્ષિણ પોલીસમથકની જગ્યાએ સરકારે અત્યાધુનિક સુવિધાથી સજ્જ એવું નવીન પોલીસમથક ૮૦ લાખના ખર્ચે ૩૦ હજાર ફૂટના ઘેરાવમાં નિર્માણ કર્યુ હતુ. ડીસા દક્ષિણ પોલીસ મથકના આ નવનિર્મિત ભવનનું આજરોજ રાજ્યના ગૃહમંત્રી રજનીભાઈ પટેલના હસ્તે લોકાર્પણ થયું હતું. આ નવીન દક્ષિણ પોલીસમથકમાં અત્યાધુનિક ઉપકરણો, વાયરલેસ, કોમ્પ્યુટર રૂમ, નારી સહાયતા કેન્દ્ર સહીત અનેકો સુવિધા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ઉપલબ્ધ કરાયેલ છે. આ પ્રસંગે ગૃહમંત્રી રજનીભાઈ પટેલ સાથે ભાજપના શશીકાંતભાઈ પંડ્યા, કેશાજી ચૌહાણ, જિલ્લા પંચાયત પ્રમુખ, પ્રવીણભાઈ ગોરધનજી માળી તથા કચ્છ ભુજ રેંજ આઈ.જી.પી. એ.કે. જાડેજા, બનાસકાંઠા એસ.પી. ચિરાગ કોરડીયા, ડી.વાય.એસ.પી. એચ.આર. દેસાઈ સહીત અનેકો અધિકારીગણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જેમને પોલીસમથકમાં વૃક્ષારોપણ કર્યુ હતુ. આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રી રજનીભાઈ પટેલે જણાવેલ કે રાજ્યમાં ભાજપ સરકારે ગુંડારાજ ખત્મ કરેલ છે, અને શાંતિનું વાતાવરણ નિર્માણ કરેલ છે. સરકાર નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે કટિબદ્ધ છે, અને આગામી સમયમાં ડીસા ઉત્તર પોલીસમથક સહીત તેમજ પાલનપુર પશ્ચિમ પોલીસમથકનું નવીનીકરણ હાથ ધરાશે તેવું જણાવ્યું હતું.

# પ્રાંતિજ માર્કેટયાર્ડની ચૂંટણીની તારીખો જાહેર

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડની ચૂંટણી તા. ૩૦-૭-૨૦૧૫ના રોજ યોજાશે જેમાં ચૂંટણીલગતુંજાહેરનામુંબહાર પાડવામાં આવ્યુંછે. પ્રાંતિજ ખાતેઆવેલ ખેતીવાડી ઉત્પન્ન સમિતિમાં અગાઉ ચૂંટાયેલ પદાધિકારીઓની મુદત પુર્ણ થતાં ચૂંટણી અધિકારી દ્વારા નક્કી કરેલ તારીખે તથા સમય મુજબ ચૂંટણી યોજાશે જેમાં નિયુક્ત પત્રો આપવાની તા. ૧૫-૭-૨૦૧૫ નિયુક્ત પત્રોની પ્રાથમિક પ્રસિદ્ધ ૧૫-૭-૨૦૧૫ જ્યારે નિયુક્ત પત્રોની ચકાસણી ૧૬-૭-૧૫ અને નિયુક્ત પત્રો પાછા ખેંચવાની તારીખ ૧૭-૭-૨૦૧૫ જ્યારે ઉમેદવારોની આખરી યાદી ૧૯-૭-૨૦૧૫ના રોજ પ્રસિદ્ધ થશે. જ્યારે તા. ૩૦-૭-૨૦૧૫ના દિવસે ચૂંટણી યોજાશે અને ૩૧-૭-૨૦૧૫ના રોજ મત ગણતરી યોજાશે અને તે દિવસે જ નવા ચૂંટણી ચૂંટાયેલા પરિણામોની જાહેરાત કરવામાં આવશે. ત્યારે માર્કેટયાર્ડની ચૂંટણીને લઈને રાજકારણમાં પણ ગરમાઓ આવી ગયો છે ને ભાજપ સત્તા હાંસલ કરવામાં અને કોંગ્રેસ સત્તા બચાવી રાખવા માટે બન્ને પક્ષો એડી ચોટીનું જોર લગાવી દેવા તૈયાર છે ત્યારે વેપારીઓ દ્વારા ચૂંટણી જૂના નીતિ નિયમો દ્વારા પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે યોજાય તેવું જણાવી રહ્યાં છે.

# મનપસંદ બેવરેજીસનો આઈપીઓ આજે બંધ થશે

વડોદરા સ્થિત ફ્રૂટ ડ્રિંક્સ ઉત્પાદક મનપસંદ બેવેરેજીસ લિમિટેડ ('કંપની' કે 'ઈશ્યૂર')એ ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૨૦ના ભાવે ૫૬,૨૫,૦૦૦ ઈક્વિટી શેર ફાળવણીને અંતિમ ઓપ આપ્યો છે, જેનું કુલ મૂલ્ય રૂ. ૧૮૦ કરોડ છે (જે રૂ. ૪૦૦ કરોડના ઈશ્યૂના કુલ કદનો ૪૫ ટકા હિસ્સો છે) એન્કર ઈન્વેસ્ટર્સમાં ગોલ્ડમેન સાકસ, બિરલા સન લાઈફ ઈન્સ્યોરન્સ, આઈસીઆઈસીઆઈ પુડેન્શિયલ એમએફ, મોર્ગન સ્ટેન્લી, ભારતી અકસા લાઈફ, એસબીઆઈ એમએફ, યુટીઆઈ એમએફ, બીએનપી પારિબા, શિન્હાન બીએનપીપી, અમુન્દી ફંડ્સ અને અશોકા પીટીઈ સામેલ છે.

વડોદરા સ્થિત ફ્રૂટ ડ્રિન્કસ ઉત્પાદક મનપસંદ બેવરેજીસનો આઈપીઓ આજે (૨૪ જૂન, ૨૦૧૫)નો રોજ ખુલ્યો છે. આ બુક બિલ્ડિંગ પ્રોસેસ આઈપીઓ રૂ. ૨૯૦-રૂ. ૩૨૦ની પ્રાઈઝ બેન્ડ ધરાવે છે. લઘુત્તમ અરજી ૪૫ શેર અને પછી તેના ગુણાંકમાં કરવાની રહેશે. શેર ઈશ્યૂ થયા પછી બીએસઈ અને એનએસઈ પર લિસ્ટિંગ થશે.

કંપની રૂ. ૪૦૦ કરોડનું ભંડોળ ઉભુ કરવાની યોજના ધરાવે છે. તેમાંથી મનપસંદ રૂ. ૧૪૦ કરોડ હરિયાણામાં નવા ઉત્પાદન પ્લાન્ટના નિર્માણ માટે ખર્ચશે અને રૂ.૩ ૭ કરોડનો ખર્ચ વડોદરા અને વારાસણીમાં સ્થિત પ્લાન્ટને આધુનિક બનાવવા કરશે. કંપનીની મુખ્ય બ્રાન્ડ મેંગો સિપ વ્યૂહાત્મક રીતે મુખ્યત્વે અર્ધશહેરી અને ગ્રામીણ બજારોના ગ્રાહકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. બ્રાન્ડ પોર્ટફોલિયોનું વિસ્તરણ કરવાના હેતુ સાથે કંપનીએ તાજેતરમાં બે નવી બ્રાન્ડસ 'ફ્રૂટ્સ અપ' અને 'મનપસંદ ઓઆરએસ' લોંચ કરી છે. 'ફ્રૂટ્સ અપ' બ્રાન્ડ હેઠળ કંપની વિવિધ સ્વાદમાં ફ્રુટ ડ્રિંક્સ અને કાર્બોનેટેડ ફ્રૂટ ડ્રિંક્સ ઓફર કરે છે તેમજ 'મનપસંદ ઓઆરએસ' બ્રાન્ડ હેઠળ અમે ઉત્તર પૂર્વ ભારત પર ધ્યાન કેન્દ્રિત કરીને ઊર્જાસભર ગુણવત્તા કે ખાસિયતો ધરાવતા ફ્રૂટ ડ્રિંક્સ ઓફર કરીએ છીએ. મનપસંદે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા સની દેઓલને તેનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો છે.

વર્ષ ૧૯૯૭માં સ્થાપિત થનાર મનપસંદ અત્યારે ૫૪ કન્સાઈની એજન્ટ અને ૪૭૨ ડિસ્ટ્રિબ્યુટર્સ મારફતે ભારતના ૨૩ રાજ્યોમાં ઉપલબ્ધ છે. ગ્રાહક પસંદગીની ઊંડી સમજણ અને વિવિધ ઉત્પાદનો વિકસાવવાની અને લોંચ કરવાની પોતાની ક્ષમતા સાથે મનપસંદે અર્ધશહેરી અને ગ્રામીણ બજારોમાં સફળતાપૂર્વક પ્રવેશ કર્યો છે.

નાણાંકીય દષ્ટિએ જોઈએ તો નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી નાણાંકીય વર્ષ ૧૨૧૩-૧૪ દરમિયાન મનપસંદનું ચોખ્ખુ વેચાણ ૮૫.૨૯ ટકાના ચક્રવૃદ્ધિ વ્યાજદરે વધ્યું હતું. તેમજ આ જ ગાળા દરમિયાન કરવેરા પછીનો નફો (ઈએટી) ૮૩.૬૮ ટકાના ચક્રવૃદ્ધિ વ્યાજદરે વધ્યો હતો. મનપસંદ ડિવિડન્ડ જાહેર કરતી કંપની છે, અને નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૦-૧૦ ટકા ડિવિડન્ડ ચુંકવ્યું હતું. કંપનીએ એઆઈએફ પાર્ટનર્સ અને આદિત્ય બિરલા પ્રાઈવેટ ઈક્વિટી જેવા ખાનગી ઈક્વિટી રોકાણકારો પણ મેળવ્યાં છે.

અર્ધશહેરી વિસ્તારોમાં ગ્રાહકોની મહત્વાકાંક્ષાઓમાં વધારો થવાથી અને બ્રાન્ડ પ્રત્ય સતર્કતા વધવાથી, વિવેકાધિન ખર્ચ વધવાથી અને આબોહવા અનુકૂળ રહેવાથી ફ્રૂડ ડ્રિન્કસ ઉદ્યોગમાં સતત વૃદ્ધિ થશે અને તમામ ઉપભોગ (વપરાશ) આધારિત કંપનીઓની જેમ મનપસંદ બેવરેજીસનું ભવિષ્ય પણ ઉજ્જવળ છે.

# પ્રાંતિજના રેખાબેન સોલંકીની ગાંધીનગર જિલ્લા પ્રભારી તરીકે નિમણુંક

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા અને કોંગ્રેસી મહિલા કાર્યકર રેખાબેન સોલંકીની ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સોનલબેન પટેલ દ્વારા ગાંધીનગર જિલ્લાના પ્રભારી તરીકે પ્રાંતિજના કોંગ્રેસ કાર્યકર મહિલા રેખાબેન સોલંકીની નિમણુંક કરવામાં આવી છે અને શુભેચ્છા અભિનંદન પાઠવવામાં આવેલ છે. પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકાના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, શહેર પ્રમુખ અમરીશ પટેલ, ડૉ. કાન્તીભાઈ પ્રજાપતિ, બીપીનભાઈ પટેલ વગેરે કોંગ્રેસ કાર્યકરોએ શુભકામનાઓ પાઠવી છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

# કોંગ્રેસની જનસર્પક યાત્રા મોકુફ રાખી : કાર્યકરોને રાહત કાર્યમાં જોડાવા અપીલ

સમગ્ર ગુજરાત રાજયમા ગઈકાલે અરબી સમુદ્રા ડીપ્રેશનના લીધે અમરેલી અને રાજકોટ જીલ્લામાં આભ ફાટયુ હોય તેમ ૨૫ થી ૨૬ ઈંચ વરસાદ ખાબકતા ૧૦૦ જેટલા ગામે સર્પક વિહોણા થઈ ગયા છે જયારે આ વરસેલા મુશળધાર વરસાદે ભારે તારાજી સર્જી છે અને જેને લઈને અત્યાર સુધી કુલ ૫૧ લોકો મૃત્યુ પામ્યા છે ત્યારે એક જ પરીવારના ૬ લોકો પણ મૃત્યુ પામતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ તો બીજી બાજુ સરકાર ધ્વારા મોડે મોડે પણ રાહત કામગીરી શરૂ કરી છે.

## સર્વેનો આદેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરવઠો પુનઃ-સ્થાપિત કરવા, રોગચાળો ફાટી ન નીકળે તે માટે જરૂરી પગલાં ભરવા, તૂટેલા રસ્તાઓને તાત્કાલિક રીપેર કરવા, સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. મુખ્યસચિવશ્રીએ એરફોર્સ, એન.ડી.આર.એફ., કોસ્ટગાર્ડ તેમજ લશ્કરના અધિકારીઓ સાથે પણ વિગતવાર ચર્ચા કરી હતી. બેઠકમાં રાહત કમિશનર શ્રી ડી.એન.પાંડે, હવામાન ખાતાના અધિકારી સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## વરસાદી પાણીનો ભરાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સફાઈ તેમજ મચ્છરોને ડામવા દવા છંટકાવની કામગીર ત્વરિત અસરથી હાથ ધરવી અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.આવા સંજોગોમાં આગામી દિવસોમાં મેલેરિયા સહિતના મચ્છરજન્ય રોગચાળો માથું ઉંચકે તેવી દહેશત છે. વરસાદી ઋતુ દરમિયાન યોગ્ય સફાઈ વ્યવસ્થા જાળવવા ઉપરાંત મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા તંત્ર કક્ષાએથી નક્કર કામગીરી કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.શહેરના સરકારી આવાસો પણ મચ્છર ઉત્તત્પિ સ્થાનો અસ્તિત્વમાં આવ્યા છે. ઘાબાની ટાંકીઓ તોડવાનું કામ પણ હજુ અધુરુ છે. ત્યારે ઘાબામાં પ્લાસ્ટર ન થતા લીકેજીસની સમસ્યાઓના લીધે વસાહતીઓ માટે ચોમાસુ વધુ આકરુ પુરવાર થાય તેવી દહેશત છે.

## મંડળોની રચના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સખીમંડળને કૌશલ્યવર્ધક તાલીમ પણ આપવામાં આવી છે.

ગુજરાત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવથી ગાંધીનગર મહાનગપાલિકા હેઠળ અમલી 'મિશન મંગલમ યોજના' અંતર્ગત વર્ષ ૨૦૧૩થી અત્યાર સુધીમાં કુલ ૩૦૦ સખી મંડળની રચના કરવામાં આવી છે. મહિલાઓના જૂથ એટલે કે સખીમંડળ બનાવી, તેઓને બચત કરાવવાના તથા કૌશ્ય વર્ધક તાલીમ ઉપલબ્ધ કરાવી આત્મનિર્ભર બનાવવાનાં આયોજન સાથે અમલી આ યોજનામાં મહિલાસભ્યોને શિક્ષણ, બેંકલોન, સબસિડી લોન, આર્થિક પ્રવૃત્તિ અને કાયદાકીય પ્રશઅનો સહિતની બાબતો અંગે વર્કશોપ,સેમિનાર દ્વારા માહિતી અને માર્ગદર્શન આપવામાં ાવે છે. દરમિયાન હાલ સખીમંડળની બહેનો દ્વારા પેપરબેગ, રેગ્જીન બેગ, હેન્ડીક્રાફટની ચીજો વગેરેનું ઉત્પાદન તેમજ સીવણ કામ- કેન્ટીન સંચાલન સહિતની પ્રવૃત્તિ કરવામાં આવે છે. ચીજવસ્તુઓના વેચાણ હેતુ રાખી મેળા તથા નવરાત્રી મેળાનું પણ આયોજન કરવામાં આવે છે. ઉપરાંત ઉદ્યોગલક્ષી પ્રવૃત્તિ માટે પ્રેરણા પ્રવાસનનું પણ આયોજન કરવામાં આવે છે.

## મૃતાંક ૭૦... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લાના માલપુર તાલુકામાં ૨૧૬ મીમી અને સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં ૨૦૦ મીમી એટલે કે આઠ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના અહેવાલ મુજબ આજ ૨૫-૬-૨૦૧૫ના રોજ સવારે છ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન શહેરા તાલુકામાં ૧૯૪ મીમી, ભિલોડા તાલુકામાં ૧૯૦ મીમી, ખેડબ્રહ્મા તાલુકામાં ૧૮૯મીમી, ગોધરા તાલુકામાં ૧૮૪ મીમી, અમરેલી, ભાવનગર અનએ લાઠી તાલુકાઓમાં ૧૮૨ મીમી, સાવરકુંડલા અને જેસર તાલુકામાં ૧૮૦ મીમી, ઈડર તાલુકામાં ૧૭૯ મીમી અને વલ્લભીપુર તાલુકામાં ૧૧૭ મીમી મળી કુલ ૧૧ તાલુકાઓમાં સાત ઈંચથી વધુ વરસાત થયો છે. ભાવનગર જિલ્લાના ઉણરાળા તાલુકામાં ૧૬૪ મીમી, અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ૧૬૧ મીમી અને ધનસુરા તાલુકામાં ૧૫૪ મીમી કુલ ત્રણ તાલુકાઓમાં છ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના હિંમતનગરમાં ૧૩૧ મીમી, પ્રાંતિજમાં ૧૩૮ મીમી, અમદાવાદ શહેર, મોરવા હડફ અને શિહોરમાં ૧૪૫ મીમી તેમજ ઉમરપાડામાં ૧૩૭ મીમી એટલે કે છ તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ તથા દાંતા, તલોદ અને મહેમદાવાદમાં ૧૨૦ મીમી, પોશીના અને લુણાવાડામાં ૧૧૪ મીમી, બાયડમાં ૧૧૭ મીમી, મોડાસામાં ૧૦૮ મીમી, આણંદમાં ૧૦૯ મીમી, રાજકોટમાં ૧૨૨ મીમી, વિરપુરમાં અને ચોર્યાસીમાં ૧૦૩ મીમી, જાફરાબાદ અને તળાજામાં ૧૧૨ મીમી, લીલીયામાં ૧૧૮ મીમી, ગારિયાધારમાં ૧૨૩૩ મીમી, માંગરોળમાં ૧૧૬મીમી, સુરત શહેરમાં ૧૨૧ મીમી, કામરેજમાં ૧૦૬ મીમી અને માણાવદરમાં ૧૦૦ મીમી એમ કુલ ૧૯ તાલુકાઓમાં ચાર ઈંચ કે તેથી વધુ વરસાદ વરસ્યો છે.

## એજન્સીને નોટિસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે રસ્તા તેમજ ફુટપાથના કામોમાં પણ ભ્રષ્ટાચાર થતો હોવાની ફરિયાદો પણ આમ નાગરિકોમાં ઉઠવા પામે છે.શહેરના મુખ્ય માર્ગો આસપાસ ફુટપાથની કામગીરીમાં પણ ગુણવત્તાનો અભાવ વર્તાઈ રહયો છે.જેમાં ગ માર્ગની ફુટપાથ તેનો ઉત્તમ નમુનો હોવાનું સ્પષ્ટ થતા આમ નાગરિકોમાં રોષ પ્રર્વત્યો છે.ભ્રષ્ટાચારનો ભોગ બનેલી ગ માર્ગની ફુટપાથનું અસ્તિત્વ જાખમાયું છે.જયારે મોર્નિંગ વોક કરતા નાગરિકોમાં પણ ફુટપાથના કામને અનુલક્ષી પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે.આવા સંજોગોમાં વાઈબ્રન્ટ વેળાએ નિર્માણ કરાયેલી ફુટપાથના કામમાં ધ્યાન ન અપાતા હાલ ફુટપાથમાં ગાબડા જોવા મળી રહયા છે.ફુટપાથની કામગીરીમાં ગુણવત્તા ન જળવાઈ હોવાના મુદ્દે સફાળા જાગેલા તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને નોટિસ આપવામાં આવી છે.જયારે ફુટપાથમાં નવી ટાઈલ્સો નાંખવાનું કામ પણ હાથ ધરવા સુચના આપવામાં આવી છે.

## ભયજનક હાલતમાં..● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસોમાં માટી પોલાણ થતા નગરજનો માટે ભયજનક સ્થિતિ સર્જાઈ છે.ગ માર્ગ પર હાલ શહેરના બગીચાઓને પાણી પુરુ પાડવા પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યુ છે.જયારે આ કામગીરીને અનુલક્ષીને માર્ગની આસપાસ ખાડા કરવામાં આવ્યા હતા.પરંતુ યોગ્ય રીતે માટી પુરાણ ન થતા વરસાદી દિવસોમાં પોલાણ થતા અકસ્માત થવાનો ખતરો મંડરાયો છે. ગઈકાલે પણ એક વ્યકિત અકસ્માતનો ભોગ બનતા સ્થાનિક નાગરિકોની મદદથી તેન બચાવી લેવાયો હતો.સે-૨૪ ચોકડીથી આદિવાડા સુધીના માર્ગ પર પણ આવી જ સ્થિતિ છે.વરસાદી પાણીના લીધે યોગ્ય માટી પુરાણના અભાવે અકસ્માત થાય તેવી દહેશત પ્રર્વતી છે.તંત્ર દ્વારા યોગ્ય પગલા લેવાય તે અનિવાર્ય બન્યુ છે. આ વિસ્તારમાં આસપાસ વોક વે હોવા ઉપરાંત માર્ગ પર વાહનોની અવર જવર પણ વધારે રહેતી હોવાથી અકસ્માત થવાની શકયતા વધી ગઈ છે.વરસાદી દિવસોમાં આમ નાગરિકોની સલામતીને ધ્યાને લઈ તંત્ર દ્વારા ત્વરિત પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

## મોસમનો પ્રારંભ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લાના અન્ય ત્રણ તાલુકાઓમાં અગાઉ નહીવત વરસાદ બાદ ગઈકાલે થયેલો ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાતા ખેતીમાં વાવણીને નવો વેગ મળ્યો છે. ગાંધીનગર તાલુકામાં ૬૭, કલોલમાં ૯૦ અને દહેગામમાં ૮૦ મી.મી. જેટલો વરસાદ આજે સવારે ૮ વાગ્યા સુધીમાં નોંધાયો છે.

જિલ્લામાં સિઝન ના થતા સરેરાશ વરસાદની સામે ૧૦ટકા જેટલો વરસાદ થતાં વાતાવરણણાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. જો કે આજે દિવસ દરમ્યાન વરસાદ નોંધાયો નથી પરંતુ લોકોએ રાહતનો દમ જરૂર લીધો છે તેમજ કષિ કાર્યમાં લોકોએ મન લગાવી દીધુ છે. જિલ્લામાં ગયા વર્ષે ૨૦મી જુલાઈ પછી વરસાદ નોંધાયો હતો જયારે આ વર્ષે ગત ગત વર્ષની તુલનામાં પરંપરા પ્રમાણે જૂનના બીજા પખવાડિયામાં જ વરસાદ થતાં ખેડૂતો સમયસર વરસાદથી રાજીના રેડ થઈ ગયા છે. જિલ્લામાં હવે વાવણીનું કાર્ય પુર બહારમાં આરંભાયું છે. ૧૨ હજાર હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં વાવણી કાર્ય સંપન્ન થઈ ગયું છે જે ઉલ્લેખનીય છે.

## કંપની સમાચાર

### ફલુને તમે જ ખતમ કરી શકો છો


ઈન્ફલુએન્ઝા જે સામાન્ય રીતે ફલુ તરીકે ઓળખાય છે તે વાયરસને લીધે લાગતો ચેપ છે, જે શ્વસનતંત્ર એટલે કે નાક, ગળું અને ફેફસાં પર હુમલો કરે છે. ઈન્ફલુએન્ઝા દરેક ઉંમરની વ્યકિતને પ્રભાવિત કરે છે પરંતુ બાળકો અને નબળી રોગ પ્રતિકારક પ્રણાલી ધરાવતા લોકો માટે જીવલેણ બની શકે છે. ઈન્ફલુએન્ઝા વૈશ્વિક સ્તરે થવા સાથે પુખ્ત લોકોમાં તે વાર્ષિક ૫-૧૦ ટકા અને બાળકોમાં ૨૦-૩૦ ટકાના અનુમાનિત દરે હુમલો કરે છે. ભારતમાં હાલમાં જ પ્રકાશિત થયેલા આંકડાઓ અનુસાર બધાં જ એકયુટ રેસ્પિરેટરી ઈન્ફેકશન(એઆરઆઈ) માં ૫-૧૦ ટકા આને લીધે જ થાય છે. ઈન્ફલુએન્ઝા યુઆરઆઈની નોંધાયેલી ઘટનાઓ બાળકોમાં પ્રતિ વર્ષ ૧૦/૧૦૦ હોવાનું જણાયું હતું. સ્વસ્થ બાળકો પણ ઉચ્ચ જોખમ ધરાવતા બાળકોની જેમ ઈન્ફલુએન્ઝા ચેપનો શિકાર બનવાનું સમાન જોખમ ધરાવે છે. અમેરિકામાં ૨૦૦૯માં થયેલી મહામારી દરમિયાન બાળકોમાં થયેલા ૪૭ ટકા મૃત્યુઓ કોઈ જ તબીબી સ્થિતિ જણાયા વિના થયા હતા. એટલું જ નહીં, હોસ્પિટલમાં દાખલ કરાયેલા ૪૩ બાળકો ઈન્ફલુએન્ઝાનો શિકાર બન્યા પહેલા સ્વસ્થ હતા. ચેપ ધરાવતી વ્યકિત ખાંસી, છીંક ખાય અથવા વાત કરે ત્યારે ફલુના વાયરસ સૂક્ષ્મ ટીપાં સ્વરૂપે હવામાં ફેલાય છે કોઈ પણ વ્યકિત આ સૂક્ષ્મ ટીપાં સીધાં જ શ્વાસમાં ગ્રહી શકે છે અથવા કોઈ વસ્તુ જેમ કે ટેલીફોન અથવા કોમ્પ્યુટર કીબોર્ડ મારફત તેના સંસર્ગમાં આવી શકે છે અને પછી તે આંખ, નાક અથવા મોં માં ફેલાય છે. વાયરસ ધરાવતા લોકો પ્રથમવાર લક્ષણો દેખાય એ દિવસ પહેલાથી લક્ષણો શરૂ થયા પછી ૫ થી ૧૦ દિવસો સુધી સંક્રમિક રહે છે. સામાન્ય લક્ષણોમાં સામેલ છે અતિશય તાવ જે એકાએક આવે છે, સ્નાયુ-શરીરનો દુખાવો, ઠંડી લાગવી, થાક લાગવો અને એકાએક હુમલો થવો. ઈન્ફલુએન્ઝાને લીધે લોકો સામાન્ય રીતે સ્કૂલ અને કામ પર જવાથી વંચિત રહે છે.

### ટોપસન એનર્જી લિ. અને વોટર સિસ્ટમ્સ મેન્યુ. પાણી અને ઉર્જાની ભારતની જરૂરિયાતો સંતોષશે

ગાંધીનગર સ્થિત ટોપસન એનર્જી લિ. અને નેધરલેન્ડસની વોટર સિસ્ટમ મેન્યુફેકચરર (ડબલ્યુએસએમ) દ્વારા ભારતમાં પાણી અને ઉર્જાની જરૂરિયાતો સંતોષવા જોડાણ કરવામાં આવ્યું છે. તાજેતરમાં નેધરલેન્ડસનાં વડાપ્રધાન માર્ક રૂટ્ટેની ભારત મુલાકાત દરમિયાન મુંબઈમાં ડચ પ્રતિનિધિ મંડળની હાજરીમાં ટોપસન એનર્જી લિ. અને ડબલ્યુએસએમ વચ્ચે જોડાણના કરાર કરવામાં આવ્યા હતા.

ટોપસન એનર્જી લિ.ના મેનેજીંગ ડાયરેકટર શ્રી ચિંતન પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે ડબલ્યુએસએમ સાથેના જોડાણથી અમને ભારતીય બજારમાં પાણી અને ઊર્જાની બચત કરતી નવી પ્રોડકટસ રજુ કરતા આનંદ થાય છે. ટોપસન એનર્જી લિ. ગુજરાતમાં ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે અને ગ્રીડ ટાઈડ પાવર પ્રોજેકટસ, સોલાર વોટર પમ્પ સિસ્ટમ્સ અને અત્યાધુનિક સોલાર ફોટો ક્રિસ્ટલાઈન મોડયુલ મેન્યુ. સુવિધાઓ ધરાવે છે.

## શબ્દાવલી - ૫૭૭૦



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. ચર્ચા-વિચાર (૫) | ૧. ... થવી, વખાણ થવા (૪) |
| ૬. દુર્ગંધ (૩) | ૨. ઔષધ (૨) |
| ૮. હવાલદારનું કામ કે પદ (૫) | ૩. વસિયતનામું (૨) |
| ૯. પતંજલિનો યોગશાસ્ત્રનો પ્રસિદ્ધ ગ્રંથ (૪) | ૪. જો... કિયા વો નિભાના પડેગા (૨) |
| ૧૧. નાહવાની જગ્યા (૩) | ૫. સમુદ્ર, સાગર (૩) |
| ૧૪. સુંદર સ્ત્રી (૩) | ૭. બધી જગ્યાએ, સર્વવ્યાપી (૩) |
| ૧૫. નર્ક, હેલ, દોઝખ (૩) | ૧૦. આકાશને આંબે તેવી (૫) |
| ૧૯. ઝીણી કકડી કે કોતરીઓ, કાકડી કોબીઝ ટામેટા વગેરે ઝીણા સમારે તે, સેલડ (૪) | ૧૨. ... સામાન, પુંજી, ધન (૨) |
| ૨૦. મહોર, મુદ્રા કે છાપ (૨) | ૧૩. ગડ-ગુમડ પર લગાવાતો લેપ (૩) |
| ૨૨. એ નામની એક જાતિ (૩) | ૧૬. ભગવાન, અલ્લાહ (૨) |
| ૨૩. ચામડીનો એક રોગ (૩) | ૧૭. કાંસી જોડા, ઝાંઝ (૪) |
| ૨૪. પુષ્પ, કુસુમ (૨) | ૧૮. લક્ષણ, ગુણ, છાપ (૩) |
| | ૧૯. ચોખાના ઝીણા કટકા (૩) |
| | ૨૧. ટેવ, ખરાબ આદત (૨) |

### શબ્દાવલી ૫૭૬૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) આશાતંતુ (૪) રાક્ષસ (૬) દુરાગ્રહ (૭) કાફર (૯) તપસ્યા (૧૧) અસ્તબલ (૧૩) અલિ (૧૪) કવીતા (૧૬) લત (૧૭) રીસ (૧૯) નડ (૨૦) જઈફ (૨૧) બાફ (૨૨) સ્તર (૨૩) દર (૨૪) બીલી

**ઊભી ચાવી :-** (૧) આશંકા (૨) તંદુરસ્ત (૩) તુરા (૪) રાહત (૫) સમસ્યા (૮) ફઅલિત (૧૦) પરવીન બાબી (૧૨) બકરી ઈદ (૧૩) અલમસ્ત (૧૫) તાડફલી (૧૮) સફર